આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૫-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## કચ્છ-લોકસભા ચુંટણી માટે ભાજપ યાદી

આગામી લોકસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ તેની પાંચમી યાદી જાહેર કરી છે. ગુજરાતમાંથી વધુ 6 ઉમેદવારોના નામો જાહેર થતાં હવે રાજ્યની બધી જ 26 બેઠકો પર ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂરી થઈ છે. જે બેઠકો પરના ઉમેદવારો પસંદ થયા છે. એમાં જૂનાગઢ,અમરેલી,સુરેન્દ્રનગર, મહેસાણાનો સમાવેશ થાય છે. આ અગાઉ જાહેર થયેલા વડોદરા અને સાબરકાંઠાના ઉમેદવારોએ ચૂંટણી લડવા અનિચ્છા બતાવતા, નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારાયા છે. રાજ્યની 26 બેઠકો પૈકી 12 ઉમેદવારોને ફરી પસંદ કરાયા છે, જ્યારે 12 ઉમેદવારો પહેલી વાર ચૂંટણી લડશે. ઉપરાંત રાજ્યસભાનાં બે સભ્યોને ઉમેદવાર બનાવાયા છે ઉમેદવારોમાં ચાર કેન્દ્રીય મંત્રીઓ નો સમાવેશ થયો છે.

(ચંદ્રવદન પટ્ટણી)

---------------------------------------------------------------------------

## કચ્છ-ચુંટણી માટે સ્ટાફ પ્રથમ તારવણી

લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે સ્ટાફની પ્રથમ તારવણી સંપન્ન કરી લેવામાં આવી છે. હજુ બે તારવણી થશે. એ જ રીતે ઈવીએમની પણ બે તારવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વધુમાં મળતી માહિતી મુજબ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાને પાર પાડવા માટે 16 હજારથી વધુ કર્મચારીનો ડેટાબેસ તૈયાર કરવામાં આવ્યો છે. મતદાન માટે જરૂરી સાડા આઠ હજારથી વધુના સ્ટાફની પ્રથમ તારવણીની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી છે,

જેમાં પોલિંગ પ્રીસાઈડિંગ સહિતની જવાબદારી સુપરત કરવામાં આવી છે. આગામી દિવસોમાં તેમની તાલીમ માટેનું આયોજન પણ કરી લેવામાં આવ્યું છે. બાકીની બે તારવણીમાં સ્ટાફને કયા વિધાનસભા મતક્ષેત્ર અને કયા બૂથ પર ફરજ બજાવાની થશે તે સુનિશ્ચિત કરવામાં આવશે. એ જ રીતે ચૂંટણી માટેનાં જાહેરનામાંની પ્રસિદ્ધિ થાય તેના ચાર-પાંચ દિવસ પૂર્વે ઈવીએમની પ્રથમ તારવણી કરી  વિધાનસભા મતક્ષેત્ર માટે સોંપવામાં આવશે.

**(NP/નેહલ ઠક્કર)**

---

## કચ્છ-મતદાન જાગૃતિ થીમ પર રંગોળી સ્પર્ધા

લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારી, કચ્છ અને જિલ્લા SVEEP નોડલ અધિકારી દ્વારા જિલ્લાની તમામ માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં, મતદાન જાગૃતિ થીમ  આધારિત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત કચ્છના વિવિધ ગામ અને શહેરની જાહેર જગ્યાઓએ રંગોળીઓ બનાવવામાં આવી હતી. આ રંગોળીના માધ્યમથી જાહેર જનતાને મતદાન જાગૃતિ માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

**(હેમાંગ પટ્ટણી)**

---

## હોળી ધુળેટી પર્વની જિલ્લામાં ઉજવણી

રંગ અને ગુલાલનાં  ધુળેટી પર્વની આજે ઉમંગ ઉલ્લાસનાં વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ગઈકાલે સાંજે જિલ્લાભરમાં શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક પૂજન વિધિ સાથે હોલિકા દહન કરવામાં આવ્યું હતું. મંદિરોમાં અને જાહેર ચોકમાં ભાવિકોની ભારે ભીડ ઉમટી હતી. આજે દિવસ ચડતાં જ લોકો એકબીજાને રંગવા નીકળી પડશે. ગઈકાલે  છેલ્લી ઘડી સુધી વિવિધ રંગો અને પિચકારી ખરીદવા માટે લોકોનો ધસારો રહ્યો હતો. કચ્છમાં સ્વામિનારાયણ

સંપ્રદાયના મંદિરોમાં આજે હોળી ધુળેટીનાં પર્વ સાથે ફૂલ ડોલ ઉત્સવ ઉજવવા તૈયારી ચાલી રહી છે. ભુજ, અંજાર, માંડવી, રાપર ઉપરાંત પટેલ ચોવીસીનાં મંદિરોમાં 5 હજાર કિલો ફૂલ સાથે ફૂલ ડોલ ઉત્સવ ઉજવાશે. કેટલાય સ્થળોએ ભગવાનની શોભાયાત્રાનું પણ આયોજન થયું છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## કેન્દ્ર સરકાર –ડુંગળી નિકાસ

કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે. આ નિર્ણય સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને ડુંગળીના ભાવને નિયંત્રણમાં રાખવા માટે લેવામાં આવ્યો છે.

વિદેશ વ્યાપાર મહાનિદેશાલય-DGFTએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ 31માર્ચ, 2024 સુધી લાદવામાં આવ્યો હતો અને હવે તેને આગામી આદેશ સુધી લંબાવવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, મૈત્રીપૂર્ણ દેશોમાં ડુંગળીની નિકાસ દરેક કેસના આધારે પરવાનગી આપવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## IPL ક્રિકેટ

ગઈકાલ બપોરે જયપુરનાં સવાઈ માનસિંહ સ્ટેડિયમ પરની મેચમાં રાજસ્થાન રોયલ્સની ટીમે લખનૌ સુપર જાયન્ટસની ટીમને 20 રન થી હાર આપી હતી. રાજસ્થાન ટીમે 4 વિકેટના ભોગે 193 રન કર્યા હતા જવાબમાં લખનૌ ટીમ 6 વિકેટ ગુમાવી 173 રન કરી શકી હતી.

જયારે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાયેલી આઇ પી.એલની બીજી મેચમાં ગુજરાત ટાઇટન્સની ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ટીમને 6 રનથી હરાવી

વિજયી પ્રારંભ કર્યો છે. ગુજરાતની ટીમે 6 વિકેટ ગુમાવી 168 રન કર્યા હતા. વળતા જવાબમાં  મુંબઇ ઇન્ડિયન્સ ટીમ  9 વિકેટ ગુમાવી 162 રન કરી શકી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના મોટાભાગના શહેરોના તાપમાનમાં આંશિક ઘટાડો થયો છે તો બીજી તરફ કચ્છ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં તાપમાનનો પારો વધવાની સાથે હીટવેવની શક્યતા જોવાઈ રહી છે.

આ અંગે હવામાન નિષ્ણાંતે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ગુજરાત રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------